| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૨/૦૬/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૪૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૨૩ | ૯ | ૮૫૩૨ | ૧૪૬૩૪ | ૯ | ૧૪૬૪૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૭ | ૨ | ૪૨૨૯ | ૫૭૩૯ | ૨ | ૫૭૪૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૦ | ૨૯ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૬૦૩ | ૩૪ | ૭૬૩૭ | ૮૬૦૮ | ૨૬ | ૮૬૩૪ |
| કુલ | | ૨૦૩૮૨ | ૪૫ | ૨૦૪૨૭ | ૨૯૧૮૦ | ૩૭ | ૨૯૨૧૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯૫ | ૫૭,૧૦૦/- |

# છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-એ-૧૧૧૯૧૦૪૪૨૦૦૫૮૭ ધી ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ , ૧૨૦(બી) તથા આઈ.ટી એકટ કલમ ૬૬(સી),૬૬(ડી) મુજબના કામે હકિકત એવી છે કે ગઈ **તા-૧૧/૦૬/૨૦૨૦ ના રોજ પી.એમ.ગામીત પોલીસ ઈન્સ્પેક્ટર તથા સાથેના સર્વેસ્કોડના પો.સ.ઈ પી.આર.ગામીત તથા** અ.હે.કો જીવણભાઈ મેઘજીભાઈ બ.નં-૭૫૫૦ તથા અ.હે.કો અમીતકુમાર ગણેશભાઈ બ.નં-૪૫૯૬ તથા અ.પો.કો લાભુભાઈ ગાંડાભાઈ બ.નં-૯૯૨૧ તથા અ.પો.કો અનીરૂધ્ધસિંહ ફતેસિંહ બ.નં-૬૦૬૧ તથા અ.લોકરક્ષક સાગરભાઈ નારણભાઈ બ.નં-૭૦૯૪ નાઓ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હાજર હતા દરમ્યાન સાથેના અ.હે.કો જીવણભાઈ મેઘજીભાઈ બ.નં-૭૫૫૦ તથા અ.લોકરક્ષક સાગરભાઈ નારણભાઈ બ.નં-૭૦૯૪ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે “મ.નં-ઈ/૨ સુદર્શન એપાર્ટમેન્ટ સાંઈબાબાના મંદિરની પાછળ સત્તાધાર ઘાટલોડીયા અમદાવાદ ખાતે નિખંજ વ્યાસ નામનો ઈસમ પોતાના ઘરમાં બહારથી પ્રોફેશનલ કોલર ક્લોઝર બોલાવી અનઅધીકુત કોલસેંન્ટર ચલાવે છે અને આ કોલસેન્ટર દ્વારા વિદેશી નાગરીકોને પોતાના આર્થીક ફાયદા સારૂ અવનવા બહાના હેઠળ છેંતરપીંડીનુ રેકેટ ચલાવે છે.અને હાલમાં આ કોલસેન્ટર ચાલુ છે.આ કોલસેન્ટરમાં કોલરો તથા ક્લોઝરો કસ્ટમ્બરને પોતે લેન્ડીંગ ક્લબ કંપનીમાંથી બોલે છે.તેમ કહી ઓછા વ્યાજ દરે પર્સનલ લોન અપાવવા બાબતે વાત કરી કમીશન પેટે ૧૦ % આપવા પડશે તેમ જણાવી વિદેશી નાગરીકનો વિશ્વાસ કેળવી તેઓને લોન માટે તૈયાર કરી તેઓની પાસેથી બેંકની તથા યુઝર આઈ.ડી અને પાસવર્ડ મેળવી તે આધારે જે લોનની રકમ નક્કી થયેલ હોય તે મુજબનો કોમ્પ્યુટરમાં ચેક તૈયાર કરી બેંકમાં મેઈલથી મોકલી આપી તે બેંક કસ્ટમરને તે રકમની લોન મંજુર કરી કસ્ટમરના એકાઉન્ટમાં ઓન લાઈન લોનની રકમ જમા કરાવી પોતે ૧૦ % કમીશન મેળવી બેંક સાથે છેંતરપીંડી કરી પોતે આર્થીક ફાયદો મેળવે છે ” વિગેરે મતલબની બાતમી હકિકત આધારે ઉપરોક્ત સ્થળે રેડ કરી લેપટોપ નંગ-૨ તથા મોબાઈલ ફોન નંગ-૧૦ તથા મેજીક જેક નંગ-૨ મળી કુલ્લે રૂ-૩૪,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે અને સદર કોલ સેન્ટર ચલાવતા બન્ને આરોપીઓ (૧) નીખંજ સ/ઓ દિપકભાઈ અરવિંદભાઈ વ્યાસ ઉ.વ-૨૬ રહે- મ.નં-ઈ/૨ સુદર્શન એપાર્ટમેન્ટ સાંઈબાબાના મંદિરની પાછળ સત્તાધાર ઘાટલોડીયા અમદાવાદ (૨) અમિત ભરતકુમાર સથવારા ઉ.વ-૨૪ રહે-૭૭ પુર્વદિપ સોસાયટી બી.આર.ટી.એસ બસ સ્ટોપ સામે અમરાઈવાડી અમદાવાદ શહેર નાઓને પકડી અટક કરવામાં આવેલ છે.

**<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૪૮/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૪૧૧ લીટર દેશી દારૂ અને ૧૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૪૯/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૫૦/૨૦૨૦</u>**

**સેટેલાઇટઃ** રાજેશભાઇ ખીમજીભાઇ ખેતરીયા (રહે. શૈલેષપાર્ક સોસાયટી, ટી.વી.નાઇન ઓફીસ રોડ જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૧૧/૦૬/૨૦૨૦ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ શ્યામલ ચાર રસ્તા બ્રાન્ડ ફેકટરી સામે પોપ્યુલર સેન્ટર ખાતેથી આરોપી (૧) પાર્થ મિતેશભાઇ ઓડ (રહે. મુખીની ચાલી અંબીકા ચોક પાલડી) (૨) ભરતસિંહ સોલંકી (રહે. ગામ-મોડાસર તા-સાણંદ જિલ્લો-અમદાવાદ (૩) કૌશલસિંહ ઉર્ફે મુન્નો અજમલસિંહ ગોહીલ (રહે. રામેશ્વર સોસાયટી જલારામ મંદીર પાસે સાણંદ જિલ્લો-અમદાવાદ) એ ભેગા મળી રાજેશભાઇ ખેતરીયા પાસેથી ગાડીઓ ભાડે મેળવી અન્ય વ્યક્તિઓને ગીરવે આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ આનંદનગર પોલીસ સ્ટેશન પો.સ.ઇ.શ્રી બી.આર.ચૌહાણ ચલાવે છે.

**નરોડાઃ** જયેશભાઈ ભગવાનભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) (રહે. સપ્તક વીહાર ફ્લેટ સધીમાતાના મંદીર પાછળ વિઠ્ઠલ પ્લાઝા સામે નરોડા) એ તા.૧૧/૦૬/૨૦૨૦ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંજીત ખરાડી (૨) મોહનલાલ ભગોરા (રહે- નવાગામ ખેરવાડા રાજસ્થાન (૩) મણીલાલ (રહે.થલતેજ અમદાવાદ) તેમજ એક યુવતી એ ભેગા મળી તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ નરોડા મુકામે જયેશભાઈ રાઠોડ સાથે આરોપી પૈકીની યુવતીના લગ્ન કરાવી લગ્નના ખર્ચ પેટે રૂપિયા ૧,૫૫,૦૦૦/- મેળવી ચાર-પાંચ મહીનામાં પરત કરવાનુ કાચુ લખાણ આપ્યુ હતુ. ત્યારબાદ યુવતી કરીયાવર પેટે આપેલા દાગીના લઇ પીયર નાસી ગઈ હતી. જેથી જયેશભાઈએ આરોપી સંજીત ખરાડી સાથે મોબાઈલ ફોન ઉપર આ વાતની જાણ કરતા યુવતી પરત નહી મોકલી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૫૧/૨૦૨૦**

**દાણીલીમડાઃ** જાવેદ સ/ઓ મહેદીહસન પઠાણ (રહે. પઠાણની ચાલી બી.આર.ટી.એસ.બસ સ્ટેશન સામે દાણીલીમડા ચાર રસ્તા પાસે દાણીલીમડા) એ તા.૧૦/૦૬/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગે પીરાણા રોડ ખ્રીસ્તી કબ્રસ્તાન સામે આવેલ સરકારી કાટા સામે પોતાનુ અશોક લેલન કંપનીનુ હુક લોડર નંબર જીજે ૦૧ ડીવી ૦૪૪૮ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૧૧/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જાવેદ પઠાણે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ગોહિલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી